BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

*તાત્કાલિક અગત્યનું*

પરિપત્રઃ-

વિષયઃ- રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇ.બી.સી.)ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત. સને ૨૦૨૨-૨૩

સંદર્ભઃ- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢની કચેરીના પત્ર ક્રમાંક/ક-૬/ઇબીસી/અંદાજો/૨૦૨૩/૧૭૮, તા.૨૦/૦૨/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ જિલ્લામાં આવતી સરકારી તથા બિન સરકારી માત્ર ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોનાં આચાર્યશ્રીઓ તેમજ સરકારી તથા ગ્રાન્ટ ઇન એઇડ (રનબાય યુનિવર્સીટી) અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢના ઉક્ત સંદર્ભ વાળા પત્ર અન્વયે જૂનાગઢ જિલ્લા હસ્તકની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૨-૨૩માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ચાલું વર્ષે રાજ્ય સરકારની શિષ્યવૃત્તિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) શિષ્યવૃત્તિ ચુકવવાની થાય છે.

જે અન્વયે ચાલું વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેના અંદાજો આપની કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને આપના દ્વારા અંદાજો એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરી અત્રેની યુનિવર્સીટીનાં એકેડેમિક વિભાગના ઇ-મેઇલ academicbknmu@gmail.com પર તા.૨૩/૦૨/૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

**નોંધઃ-** આ માહિતી એકત્રિત કરતી વખતે આ સાથે સામેલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૧/૧૨/૨૦૨૧નાં પરિપત્ર મુજબની જોગવાઇઓ ધ્યાને લેવાની રહેશે.

કા.કુલસચિવ

બિડાણઃ-
(૧). સંદર્ભ પત્રની નકલ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૩૬/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૨૧/૦૨/૨૦૨૩

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ જિલ્લામાં આવતી સરકારી તથા બિન સરકારી માત્ર ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોનાં આચાર્યશ્રીઓ તેમજ સરકારી તથા ગ્રાન્ટ ઇન એઇડ (રનબાય યુનિવર્સીટી) અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તરફ...

નકલ રવાનાઃ-

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
(૨) આઇ.ટી.સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.

સ્મૃતિ પત્ર
ક્રમાંકઃ ક–૬/ઈબીસી/અંદાજો/૨૦૨૩ /૧૭૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બ્લોક નં. ૨/૧, બહુમાળી ભવન,
સરદારબાગ, જૂનાગઢ.
તા.૨૦/૦૨/૨૦૨૩

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી,
ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ.

વિષય :– રાજય સરકારની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈ.બી.સી.)ના ગ્રાંટના અંદાજો મોકલી આપવા બાબત. સને ૨૦૨૨–૨૩

સંદર્ભ :–(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,ગાંધીનગરના પત્રક્રમાંક નં. હ–૨/સ્કો/૨૦૨૩/૧૨–૩૪, તાઃ ૦૫/૦૧/૨૦૨૩.
(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,ગાંધીનગરના પત્રક્રમાંક નં. હ–૨/સ્કો/૨૦૨૩/૧૬૧–૧૯૦, તાઃ ૧૭/૦૨/૨૦૨૩.

શ્રીમાન

ઉપર્યુકત વિષય તથા સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, આપની કચેરી હસ્તકની આ જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૨-૨૩ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને ચાલુ વર્ષ રાજય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે.

જે અન્વયે આ જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેનો અંદાજો જિલ્લાની કોલેજોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને કોલેજના આચાર્યશ્રીઓ પાસેથી અંદાજો મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને દિન-૫ માં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી નિયત સમયમર્યાદામાં આ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઈ શકે. <u>આ માહિતી એકત્રિત કરતી વખતે આ સાથે સામેલ પરિપત્ર મુજબની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.</u>

સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) કોલેજના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી, આપના જિલ્લાની કોલેજોનો કોઈ પાત્રતા ધરાવતો વિધાર્થી ઉકત શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તે મુજબની કાર્યવાહી કરવા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવશો. અને કોલેજો આ કચેરીને સીધે સીધી માહિતી ના મોકલે તે પણ જણાવશો. તમામની માહિતી આપશ્રીની કચેરીમાં મંગાવીને એકત્રિત કરીને જરૂરી આધારો સાથે તેમજ આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં આ કચેરીને મોકલી આપશો.

જિલ્લા શિક્ષણાધિકારી,
જુનાગઢ જીલ્લો
જૂનાગઢ.

બિડાણ :– (૧) ઉપરોક્ત સંદર્ભ પત્રની નકલ તેમજ નિયત નમુના પત્રક

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

સત્યમેવ જયતે

સ્કોલરશીપ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.


ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૩/ ૧૨-૩૪
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોકનં:૧૨/૨,ડૉ.જે.એમ.ભવન,
ગાંધીનગર
તા૦૫/૦૧/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા તમામ

વિષય:- રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી)ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત(સને.૨૦૨૨-૨૩)

સંદર્ભ:- સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ, તા.૧૪/૦૮/૨૦૧૭

શ્રીમાન,

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૨-૨૩ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને ચાલુ વર્ષમાં રાજય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. જે અન્વયે આપના જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેનાં અંદાજો આપના જિલ્લાની ઉક્ત કોલેજોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને કે કોલેજોના આચાર્યશ્રીઓ પાસેથી અંદાજો મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને તા.૧૦/૦૧/૨૦૨૩ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી નિયત સમયમર્યાદામાં આ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઈ શકે.

- આ માહિતી એકત્રિત કરતી વખતે નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

૧. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવમાં જોગવાઈ કર્યા મુજબ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિધાર્થીઓને મળવાપાત્ર ફી માફીની રકમ ધ્યાને લેવાની છે.

2. ધોરણ-૧૨ માં ૬૦ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આખી શિક્ષણ ફી અને ૬૦ ટકા થી ઓછા ગુણ મેળવનાર (સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિધાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે. જ્યારે બીજા અને ત્રીજા વર્ષમાં આખી ફી માફી મેળવવા માટે આગલા વર્ષે ૫૦% કરતાં વધુ ગુણ જોઈએ અને ૫૦% કરતાં ઓછા ગુણ મેળવેલ હશે તો આખી ફી માફી મળવાપાત્ર થશે નહી, અડધી ફી માફી મળવાપાત્ર થશે.

(P.T.O.)

## પત્રક-અ

આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) હેઠળ સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં થનાર ખર્ચના અંદાજોની વિગત દર્શાવતુ પત્રક

કચેરીનું નામ:-

જિલ્લાનું નામ:-

| ક્રમ | કોલેજનું નામ | સરકારી કે ગ્રાન્ટ ઇન એઇડ | વર્ષ | આખી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચુકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | અડધી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચુકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | એકંદરે ચુકવવાની થતી રકમ રૂ. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એફ.વાય. | | | | | | |
| | | | એસ.વાય. | | | | | | |
| | | | ટી.વાય. | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રથમ વર્ષ | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ બીજુ વર્ષ | | | | | | |
| કુલ સરવાળો | | | | | | | | | |

કચેરીના વડાનો સહી સિક્કો

નોંધ :- માહિતી "નીલ" હોય તો પણ જાણ કરવાની રહેશે અને શાળાના વિદ્યાર્થીઓની માહિતી મોકલવાની નથી.

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
સ્કોલરશીપ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

3. સ્નાતક કક્ષાએ ૬૫ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આખી શિક્ષણ ફી અને ૬૫ ટકા થી ઓછા ગુણ મેળવનાર (અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિધાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે.
4. વિદ્યાર્થીના વાલીના વાર્ષિક આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- ની છે.
5. ઉક્ત ઠરાવની જોગવાઇ મુજબ માત્ર કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. શાળાના વિધાથીઓને ચુકવવાપાત્ર નથી. જેથી તેઓની માહિતી મોકલવાની નથી.
6. રાજ્ય સરકારશ્રીની કોઈપણ એક શિષ્યવૃતિ મળવાપાત્ર હોઈ જે વિધાર્થીએ આર્થિક રીતે પછાત વર્ગના ધોરણે કોઈ નિયત દરે અન્ય શિષ્યવૃતિનો લાભ મેળવેલ હશે. કે અન્ય કોઈ યોજના હેઠળ શિક્ષણ ફી માફી મળેવેલ હશે. તો પણ તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર ન હોઈ તેની માહિતી મોકલવાની નથી.
7. સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) કોલેજના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

આપના જિલ્લાની કોલેજોનો કોઈ પાત્રતા ધરાવતો વિધાર્થી ઉક્ત શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તે મુજબની કાર્યવાહી કરવા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવશે. અને કોલેજો આ કચેરીને સીધે સીધી માહિતી ના મોકલે તે પણ જણાવશો. તમામની માહિતી અમારી કચેરીમાં મંગાવીને એકત્રિત કરીને દર વર્ષની જેમ સંકલન કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં નિયત સમય મર્યાદામાં આ કચેરીને મોકલી આપશો.

માહિતી આ સાથેના ઈ-મેઈલ પર સોફ્ટ કોપી એક્સેલમાં અને હાર્ડકોપી પણ મોકલી આપશો.
meritscholarship19@gmail.com

શ્રેયાન અધિક્ષક
ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ : નિયત પત્રક